# All India Wado-Kai Karate-Do Association

Gujarat Branch

Member of

**Karate Association of India (KAI)**

KAI Recognized by

**Ministry of Sports and Youth Affairs, Govt. of India**

JKF WADO-KAI

和道会

31st May, 2015



H. Q. : Shihan Shri Arvind Rana Plot-791/D/3, Panchsheel Park, Sector-21, Gandhinagar-302021 (Gujarat) Ph. 079-23210071


# રાજ્ય કક્ષાની વાડોકાઈ કરાટે સ્પર્ધામાં આણંદની ટીમ પ્રથમ સ્થાન રહી







ઓલ ઈન્ડિયા વાડોકાઈ કરાટે-ડો એસોસીએશનની ગુજરાત બ્રાન્ચ દ્વારા વાડોકાઈ કરાટે-ડો અકેડમી, ગુજરાતનાં સહયોગથી ગુજરાત સ્ટેટ વાડોકાઈ કરાટે ચેમ્પિયનશીપનું આયોજન કરવામાં આવ્યું હતું.

શિહાન શ્રી અરવિંદભાઈ રાણાનાં સીધા માર્ગદર્શનમાં ગાંધીનગર સ્થિત સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાનાં મલ્ટિપરપઝ હોલમાં યોજાયેલ આ સ્પર્ધામાં ગુજરાતનાં ૧૧ જિલ્લાના ૪૩૯ જેટલા ચુનંદા ખેલાડીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ સ્પર્ધામાં આણંદ જિલ્લાની ટીમ ૧૮ ગોલ્ડ તથા ૧૪ સિલ્વર મેડલ્સ સાથે પ્રથમ સ્થાને રહી હતી, જયારે ગાંધીનગર જિલ્લાની ટીમ ૧૪ ગોલ્ડ તથા ૧૫ સિલ્વર મેડલ્સ સાથે દ્વિતીય સ્થાને તથા પોરબંદર જિલ્લાની ટીમ પણ ૧૪ ગોલ્ડ તથા ૧૨ સિલ્વર મેડલ્સ સાથે તૃતિય સ્થાને રહી હતી.

બેલ્ટ, વજન અને ઉંમરને ધ્યાનમાં રાખીને જુદી જુદી કેટેગરીમાં સ્પર્ધા રમાડવામાં આવી હતી. આ સ્પર્ધામાં દરેક જિલ્લામાંથી બ્લેક બેલ્ટ નિષ્ણાત તથા અન્ય ઓફિશિયલ્સ મળીને ૬૦ જેટલા નિષ્ણાતો દ્વારા સમગ્ર સ્પર્ધાનું સફળતાપૂર્વક સંચાલન કરવામાં આવ્યું હતું.

કેટલીક ફાઈનલ ફાઈટ્સ સમાપન સમારોહ પ્રસંગે ઉપસ્થિત મંચસ્થ મહાનુભાવોની ઉપસ્થિતિમાં રમાડવામાં આવી હતી.

શિહાન શ્રી અરવિંદભાઈ રાણાએ સ્પર્ધાના સમાપન પ્રસંગે મંચસ્થ મહાનુભાવોન આવકારી કરાટે સ્પર્ધાનાં મહત્વ અને ઉપયોગીતા વિશે સમજ આપી હતી.

સમાપન પ્રસંગે વાડોકાઈ કરાટે-ડો એસોસીએશનનાં ચેરમેન શિહાન શ્રી રાજેશભાઈ અગ્રવાલ, અકેડમીનાં સંરક્ષક શ્રી જગતભાઈ કારાણી, ભારત સરકારનાં આ રમત-ગમત સંકુલનાં પ્રશિક્ષણ કેન્દ્રનાં પ્રભારી શ્રી એસ. એમ. ધુમલ, સાઈનાં કોચ તથા હોલ ઈન્ચાર્જ શ્રી દિનેશભાઈ બડમલીયા, સિનીયર કોચ સેનસાઈ શ્રી ગૌરાંગભાઈ રાણા, ઓર્ગેનાઈઝીંગ કમિટીનાં સેક્રેટરી સેનસાઈ શ્રી જિગ્નેશ ઠક્કર વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત અકેડમીનાં વર્ષો પહેલા જેમણે બ્લેક બેલ્ટ સુધી પ્રશિક્ષણ મેળવ્યું હતું તેવા ભૂતપૂર્વ બ્લેક બેલ્ટ નિષ્ણાતોએ પણ આ સ્પર્ધામાં ઉપસ્થિત રહી જુની સ્મૃતિઓને પુનઃ તાજી કરી હતી.


સમાપન સમારોહનું સફળ સંચાલન સેનસાઈ શ્રી વિશાલ મિસ્ત્રી તથા સેનસાઈ શ્રી હિરેન માંકડે કર્યું હતું.






# જિલ્લા પોલીસ દ્વારા વાડોકાઈ કરાટે-ડો અકેડમીનાં સહયોગથી પોરબંદરની ૫૦૦૦થી વધુ વિદ્યાર્થીનીઓ સ્વબચાવ કરતા શીખી





પોરબંદરમાં વાડોકાઈ કરાટે-ડો અકેડમી દ્વારા શહેરની જુદી જુદી શાળા-કોલેજોમાં અભ્યાસરત ૫,૦૦૦ જેટલી વિદ્યાર્થીનીઓને સુરક્ષા સેતુ અંતર્ગત સ્વબચાવનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું.

પોરબંદર જિલ્લાનાં નિયામક સેનસાઈ શ્રી કેતનભાઈ કોટીયાના માર્ગદર્શનમાં રાણાવાવ સ્થિત યાક્ષવલ્ક્ય ઈંગ્લીશ મિડીયમ તથા ગુજરાતી મિડીયમ સ્કુલ અને એમ. વી. મજીઠીયા સ્કુલની ૩૦૦ વિદ્યાર્થીનીઓને સ્વબચાવનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું.

૧૧ દિવસીય આ શિબિરનાં સમાપન પ્રસંગે નાયબ પોલીસ અધિક્ષક શ્રી એચ. આર. હડીયાએ ઉપસ્થિત રહી પોતાના પ્રાસંગિક ઉદ્બોધનમાં બહેનો ઉપર થઈ રહેલા અનિષ્ટકારી અત્યાચારો પ્રત્યે ચિંતા વ્યક્ત કરતાં કહ્યું હતું કે બહેનોએ સરકારશ્રી દ્વારા ચલાવવામાં આવતા આવા કાર્યક્રમોમાં જોડાઈને સશક્ત બનવું જોઈએ. કોચ સેનસાઈ શ્રી કેતનભાઈ કોટીયાએ કરાટે વિદ્યાનું મહત્વ સમજાવેલ.

એમ. વી. મજીઠીયા સ્કુલનાં આચાર્યા શકુંતલાબહેન સોલંકી, યાજ્ઞવલ્ક્ય ઈંગ્લીશ મિડીયમ સ્કુલનાં આચાર્યા નિરજાબહેન અગ્રવાલ તથા ગુજરાતી મિડીયમનાં આચાર્યા જ્યોતિબહેન પોસ્તરીયાએ પોલીસ તંત્ર તથા વાડોકાઈ કરાટે-ડો અકેડમીનો આવા બહેનો માટે ઉપયોગી કાર્યક્રમનાં આયોજન બદલ આભાર માન્યો હતો.

આ ઉપરાંત ડૉ. વી. આર. ગોઢાણીયા કોલેજ, બાલુબા કન્યા વિદ્યાલય, વી. જે. મદ્રેસા સ્કુલ, આગાખાન ઈન્સ્ટીટ્યુટ વગેર સ્થળોએ બહેનો માટે સતત શિબિરોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શૈક્ષણિક સંસ્થાઓમાં બહોળી સંખ્યામાં વિદ્યાર્થીનીઓને સ્વબચાવની તાલીમ આપવામાં આવી હતી. દરેક જગ્યાએથી આ કાર્યક્રમને ખૂબ સારો પ્રતિભાવ સાંપડેલ. ભવિષ્યમાં રીફ્રેશર તથા એડવાન્સ કોર્ષ માટે પણ બધાએ તૈયારી બતાવી હતી.

સેનસાઈ શ્રી કેતનભાઈ કોટીયાનાં માર્ગદર્શનમાં બ્લેક બેલ્ટ નિષ્ણાતશ્રીઓ સુરજ મસાણી, જયેશ ખેતરપાળ, મહેશ મોતીવરસ, પુષ્પરાજ જેઠવા, સાહિલ બાબર, આકાશ લાખાણી, વત્સલ શુક્લા, જ્યોતિ બુકેલીયા વગેરે શિક્ષકો દ્વારા આ પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું.

## પોરબંદર ખાતે સમર ધમાકા કેમ્પ સંપન્ન







વાડોકાઈ કરાટે-ડો અકેડમી, ગુજરાતની પોરબંદર શાખા દ્વારા તાજેતરમાં એક મહિનાનો સમર ધમાકા કેમ્પ યોજાઈ ગયો. જેમાં બાળકોએ ઉત્સાહભર ભાગ લઈ કરાટે સહિત, યોગ, ડાન્સ, અભિનય, સહસિક પ્રવૃત્તિઓ વગેરે શીખી વેકેશનનો સદુપયોગ કર્યો હતો.

## પોરબંદર જિલ્લાનાં પોલીસ અધિક્ષકશ્રીએ એક્સ્ટ્રીમ જીમની મુલાકાત લઈ માહિતી મેળવી



વાડોકાઈ કરાટે-ડો અકેડમીની પોરબંદર બ્રાન્ચનાં નિયામક સેનસાઈ શ્રી કેતનભાઈ કોટીયા દ્વારા તાજેતરમાં પોરબંદર ખાતે એક્સ્ટ્રીમ જીમનો પ્રારંભ કરવામાં આવ્યો છે. હવે કરાટે, યોગ, અરોબીક્સ અને જીમ એમ તમામ પ્રકારની પવૃત્તિઓ માટે શ્રી કેતનભાઈ કોટીયા એક જાણીતું નામ બની ચુક્યા છે.

પોરબંદર જિલ્લાનાં પોલીસ અધિક્ષક શ્રી જી. એ. પંડ્યા, ડીવાયએસપી શ્રી એચ. આર. હડીયા, ડીવાયએસપી શ્રી ડી. એમ. પરમાર, ડીવાયએસપી શ્રી એમ. ડી. જાડેજા, પીઆઈ શ્રી સી. કે. પટેલ વગેરે મહાનુભાવોએ જીમની સૌજન્ય મુલાકાત લઈ સાધનો તથા તેના ઉપયોગ વિશે માહિતી મેળવી હતી.

## ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત

# સરકારી પોલીટેકનીકની વિદ્યાર્થીનીઓ માટે સ્વબચાવ પ્રશિક્ષણ શિબિર યોજાઈ ગઈ




ગાંધીનગર

ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા વાડોકાઈ કરાટે-ડો અકેડમીનાં માધ્યમથી સેક્ટર-૨૬ સ્થિત સરકારી પોલીટેકનીક ખાતે વિદ્યાર્થીનીઓ માટે સ્વબચાવ પ્રશિક્ષણ શિબિર યોજાઈ ગઈ. સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત યોજાયેલ આ શિબિરમાં વિદ્યાર્થીનીઓને સ્વબચાવની વિવિધ ટેક્નિક્સનું ક્રિયાત્મક પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. વાડોકાઈ કરાટે-ડો અકેડમીનાં નિષ્ણાત પ્રશિક્ષક શ્રી સુરજ ત્રિપાઠી તથા મદદનીશ શિક્ષક શ્રી પરશુરામ રાઠોડ દ્વારા વિદ્યાર્થીનીઓને પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીનીઓને કોઈ છેડતી કરે ત્યારે કેવી રીતે પ્રતિકાર કરવો અને પોતાની પાસે રહેલા બોલપેન, હેરપીન વગેરેનો કેવી રીતે સ્વરક્ષણ માટે ઉપયોગ કરી શકાય તેનું ક્રિયાત્મક જ્ઞાન આપવામાં આવ્યું હતું.

આ શિબિરનો સમાપન સમારોહ તાજેતરમાં યોજાઈ ગયો. જેમાં મુખ્ય અતિથિ તરીકે સુરક્ષા સેતુ પ્રોજેક્ટનાં અમલીકરણની જવાબદારી સંભાળતા પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી પી. સી. વલેરા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત કરાટે અકેડમીનાં ટેક્નિકલ ડાયરેક્ટર શિહાન શ્રી અરવિંદભાઈ રાણા તથા પોલીટેકનીકનાં આચાર્ય શ્રી વી. એન. ઉપાધ્યાય, વુમન સેલનાં કન્વિનર શ્રીમતી આર. પી. મરચન્ટ ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે શ્રીમતી આશાબહેન સરવૈયા, નંદાબહેન ચૌહાણ, શિલ્પાબહેન પટેલ, વર્ષાબહેન ભટ્ટ, શ્રી સંપતભાઈ પણ ઉપસ્થિત રહ્યાં હતા.

મુખ્ય અતિથિ શ્રી પી. સી. વલેરાએ પોતાના વ્યાખ્યાનમાં વિદ્યાર્થીનીઓને જ્યારે કોઈ છેડતી કરે ત્યારે છેડતી કરનારને જતો કરવાને બદલે મક્કમતાથી પ્રતિકાર કરવા પ્રેરણા આપી હતી. તેમણે સુરક્ષા સેતુ પ્રોજક્ટ અંતર્ગત ચાલતી મહિલા હેલ્પ લાઈન વિશે માહિતી આપી હતી. જરૂર પડે ત્યારે મહિલા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરી પોતાને થઈ રહેલા અન્યાય, શોષણ બાબતે ફરિયાદ કરવાની હિંમત દાખવવા તેમણે વિદ્યાર્થીનીઓને શીખ આપી હતી. કરાટે અકેડમીનાં વડા શિહાન શ્રી અરવિંદભાઈ રાણાએ પોતાના વ્યાખ્યાનમાં વિદ્યાર્થીનીઓને શિબિરમાં મેળવેલ જ્ઞાનનો નિયમિત અભ્યાસ કરવા અનુરોધ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે લાંબા સમય સુધી સતત અભ્યાસ કરતા રહેવાથી ધીમે ધીમે પ્રહાર કરવાની શક્તિ અને ઝડપ બંને વધી જશે. તેમણે વિદ્યાર્થીનીઓને આ કળાનાં મહત્વ વિશે વિસ્તૃત સમજ આપી હતી. પોલીટેકનીકનાં આચાર્ય શ્રી વી. એન.

**(અનુ. પાન - ૬ ઉપર)**

# શ્રી જે. એમ. ચૌધરી કન્યા વિદ્યાલયની ૯૨ વિદ્યાર્થીનીઓને સ્વબચાવનું પ્રશિક્ષણ અપાયું




ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત ૧૧ દિવસીય મહિલા સ્વબચાવ પ્રશિક્ષણ શિબિર સેક્ટર-૭ સ્થિત શ્રી જે. એમ. ચૌધરી કન્યા વિદ્યાલય ખાતે યોજાઈ ગઈ.

શિબિરમાં શાળાની ૯૨ વિદ્યાર્થીનીઓને કોચ શ્રી સુરજ ત્રિપાઠી તથા શ્રી કેતન ચૌધરી દ્વારા સ્વબચાવની પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું.

આ શિબિરનો સમાપન સમારોહ તાજેતરમાં યોજાઈ ગયો. જેમાં મુખ્ય અતિથિ તરીકે સેક્ટર-૭ પોલીસ સ્ટેશનનાં પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એલ. બી. મોણપરા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત વાડોકાઈ કરાટે અકેડમીનાં સિનીયર કોચ સેનસાઈ શ્રી ગૌરાંગ રાણા તથા શાળાનાં આચાર્યા શ્રીમતી સંતોકબહેન ચૌધરી પણ ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્ય અતિથિ શ્રી એલ. બી. મોણપરાએ પોતાના વ્યાખ્યાનમાં વિદ્યાર્થીનીઓને સશક્ત બનવા પ્રેરણા આપી હતી. શાળાનાં આચાર્યા શ્રીમતી સંતોકબહેને ૧૧ દિવસો સુધી જે નિયમિતતા તથા શિસ્તબદ્ધતાથી પ્રશિક્ષણ અપાયું તેની પ્રસંશા કરી હતી. સેનસાઈ શ્રી ગૌરાંગ રાણાએ સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત વાડોકાઈ કરાટે-ડો અકેડમીના માધ્યમથી સ્વબચાવ સંબંધિત શિબિરોનાં આયોજન વિશે માહિતી આપી હતી.

કાર્યક્રમનાં પ્રારંભમાં જ શિબિરાર્થી વિદ્યાર્થીનીઓ દ્વારા તેમણે પ્રાપ્ત કરેલ વિદ્યાનું રોમાંચક નિદર્શન કર્યું હતું. આ પ્રસંગે વિદ્યાર્થીનીઓ દ્વારા શક્તિ પ્રદર્શનનાં ભાગરૂપે જે બ્રેકીંગનું નિદર્શન કરવામાં આવ્યું હતું તેનાથી ઉપસ્થિત સૌકોઈ આશ્ચર્યચકિત થઈ ગયા હતા. વિદ્યાર્થીનીઓમાં પણ ભારે આત્મવિશ્વાસ જોવા મળ્યો હતો.

### સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત ગાંધીનગરના કડી કેમ્પસ સ્થિત

# શ્રીમતી આર.જી.પટેલ કન્યા શાળાની ૪૦૦ વિદ્યાર્થીનીઓને સ્વબચાવનું પ્રશિક્ષણ અપાયું





સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા ગાંધીનગર સ્થિત કડી સંકુલમાં આવેલ શ્રીમતી આર. જી. પટેલ ગર્લ્સ સેકન્ડરી એન્ડ એસ. બી. પટેલ ગર્લ્સ હાયર સેકન્ડરી સ્કુલ ખાતે ૧૧ દિવસીય મહિલા સ્વબચાવ પ્રશિક્ષણ શિબિર યોજાઈ ગઈ. ૨૫ નવેમ્બરથી ૬ ડિસેમ્બર દરમ્યાન યોજાયેલ આ શિબિરમાં શાળાની ૪૦૦ વિદ્યાર્થીનીઓને પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું.

આ વિદ્યાર્થીનીઓને કરાટેની વિવિધ પ્રહાર કરવાની તથા બચાવ કરવાની ટેક્નિક્સનું પ્રશિક્ષણ વાડોકાઈ કરાટે-ડો અકેડમીનાં નિષ્ણાત પ્રશિક્ષક શ્રી સુરજ ત્રિપાઠી તથા તેમની ટીમ દ્વારા આપવામાં આવ્યું હતું.

આ શિબિરનાં સમાપન પ્રસંગે કરાટે અકેડમીનાં વડા શિહાન શ્રી અરવિંદભાઈ રાણા, મહિલા પી. એસ. આઈ. શ્રી એસ. એમ. ચૌધરી, શાળાનાં આચાર્યા શ્રીમતી સુધાબહેન પટેલે ઉપસ્થિત રહી વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહિત કરેલ.

૧૧ દિવસો સુધી જેમણે પ્રશિક્ષણ લીધું હતું તેવી વિદ્યાર્થીનીઓ દ્વારા સ્વબચાવની વિવિધ ટેક્નિક્સનું રોમાંચક નિદર્શન કરવામાં આવ્યું હતું.

### ગાંધીનગર જિલ્લાનાં શેરથા ગામ સ્થિત

# શ્રી જે. એમ. જી. હાઈસ્કૂલ ખાતે સ્વબચાવ પ્રશિક્ષણ શિબિર યોજાઈ



ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા વાડોકાઈ કરાટે-ડો અકેડમીનાં માધ્યમથી શેરથા ગામ સ્થિત શ્રી જે. એમ. જી. હાઈસ્કૂલ ખાતે ૧૫૬ વિદ્યાર્થીનીઓ માટે સ્વબચાવ પ્રશિક્ષણ શિબિર યોજાઈ ગઈ. ૨જી ફેબ્રુઆરી થી ૧૭મી ફેબ્રુઆરી ૨૦૧૫ દરમ્યાન યોજાયેલ આ શિબિરમાં અકેડમીનાં સિનીયર કોચ સેનસાઈ શ્રી કલ્પેશભાઈ ચાવડા તથા તેમની ટીમ દ્વારા પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું.

સમાપન પ્રસંગે અકેડમીનાં વડા શિહાન શ્રી અરવિંદભાઈ રાણા ખાસ ઉપસ્થિત રહ્યાં હતા. તેમણે વિદ્યાર્થીનીઓ દ્વારા કરાયેલ સ્વબચાવની ટેક્નિક્સનાં નિદર્શનને નિહાળીને સંતોષ વ્યક્ત કર્યો હતો. તેમણે વિદ્યાર્થીનીઓને આ વિદ્યાનું મહત્વ સમજાવ્યું હતું. કરાટેને જીવન સાથે વણી લઈ તેનો નિયમિત અભ્યાસ કરતા રહેવા પ્રેરણા આપી હતી.

અંતમાં શિહાન શ્રી અરવિંદભાઈ રાણાના વરદ હસ્તે શિબિરમાં જોડાયેલ બધી જ વિદ્યાર્થીનીઓને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા.

# અમદાવાદ ગ્રામ્ય પોલીસ દ્વારા સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત ધોળકા ખાતે ૭૦૦ વિદ્યાર્થીનીઓને સ્વબચાવનું પ્રશિક્ષણ અપાયું






ગત તા. ૧૯મી જાન્યુઆરીથી ૨૭મી જાન્યુઆરી, ૨૦૧૫ દરમ્યાન ધોળકા ખાતે સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત મહિલા સ્વબચાવ પ્રશિક્ષણ શિબિર યોજાઈ ગઈ.

અમદાવાદ ગ્રામ્ય પોલીસ દ્વારા વાડોકાઈ કરાટે-ડો અકેડમીનાં સહયોગથી યોજાયેલ આ શિબિરમાં સેનસાઈ શ્રી કમલ દવે, શ્રી ચિંતન પરમાર તથા તેમની ટીમે ધોળકાની જુદી જુદી શાળાની ૭૦૦ વિદ્યાર્થીનીઓને સ્વબચાવનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું.

સમાપન પ્રસંગે ગુજરાત સરકારનાં પૂર્વ મંત્રી શ્રી રજનીકાન્તભાઈ રજવાડી, પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એસ. જી. સોલંકી, પે સેન્ટર પ્રા. શાળા કેલીયાવાસણાનાં આચાર્ય શ્રી અશ્વિનભાઈ, સરસ્વતી વિદ્યામંદિરનાં માધ્યમિક વિભાગનાં આચાર્ય શ્રી જયંતિભાઈ પટેલ, પ્રાથમિક વિભાગનાં આચાર્ય શ્રી હિંમતભાઈ વૈષ્ણવ, પોલીસ કોન્સ્ટેબલ શ્રી હિતેશભાઈ દરજી, પોલીસ મિત્ર શ્રી ધર્મેશભાઈ બારોટ વગેરે ઉપસ્થિત રહ્યાં હતા.

વિદ્યાર્થીનીઓએ સ્વબચાવની ટેક્નિક્સનું નિદર્શન કરેલ. ત્યારબાદ સમાપન સમારોહનાં મુખ્ય અતિથિ શ્રી રજનીકાન્ત રજવાડી, પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એસ. જી. સોલંકી તથા કોચ શ્રી કમલ દવેએ પ્રાસંગિક ઉદ્બોધન આપી વિદ્યાર્થીનીઓનો ઉત્સાહવર્ધન કરેલ.

મંચસ્થ મહાનુભાવોનાં વરદ હસ્તે ભાગ લીધેલ તમામ વિદ્યાર્થીનીઓને કરાટે અકેડમી તરફથી પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા.

# અમદાવાદ ગ્રામ્ય પોલીસ દ્વારા સુરક્ષા સેતુ પ્રોજક્ટ અંતર્ગત લાંભા ગામે મહિલા સ્વબચાવ પ્રશિક્ષણ શિબિર સંપન્ન

અમદાવાદ ગ્રામ્ય પોલીસ દ્વારા સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત અસલાલી પોલીસ સ્ટેશન વિસ્તારનાં લાંભા ગામે સ્થિત ગીતા પ્રાથમિક શાળા અને ગીતા માધ્યમિક શાળા ખાતે મહિલા સ્વબચાવ પ્રશિક્ષણ શિબિર યોજાઈ ગઈ.

૭ દિવસીય આ પ્રશિક્ષણ શિબિરનું સંચાલન સિનીયર કોચ સેનસાઈ શ્રી રાજેશભાઈ બુંદેલાના નેતૃત્વમાં તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું. ગીતા પ્રાથમિક શાળાની ૯૯ અને માધ્યમિક શાળાની ૨૦૩ વિદ્યાર્થીનીઓને સ્વબચાવની કળાનું ક્રિયાત્મક પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું.








આ શિબિરના સમાપન સમારોહમાં ઓલ ઈન્ડિયા વાડોકાઈ કરાટે-ડો એસોસીએશનનાં પ્રમુખ તથા ગુજરાત સરકારનાં પૂર્વ મંત્રી શ્રી રજનીકાન્ત રજવાડી, ટેક્નિકલ ડાયરેક્ટર શિહાન શ્રી અરવિંદભાઈ રાણા, અસલાલી પોલીસ સ્ટેશનનાં પીએસઆઈ શ્રી અરવિંદસિંહ જાડેજા, માધ્યમિક શાળાનાં આચાર્ય શ્રી ભદ્રેશભાઈ અધ્યારૂ તથા પ્રાથમિક શાળનાં આચાર્યા શ્રીમતી પન્નાબહેન દવે ખાસ ઉપસ્થિત રહ્યાં હતા.

પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં શ્રી રજનીકાન્તભાઈ રજવાડીએ વિદ્યાર્થીનીઓને સાહસિક બનવા પ્રેરણા આપી હતી. પીએસઆઈ શ્રી અરવિંદસિંહ જાડેજાએ વિદ્યાર્થીનીઓને આ કળાનો નિયમિત અભ્યાસ કરવા અનુરોધ કર્યો હતો. તેમણે સરકારશ્રી દ્વારા કાર્યરત મહિલા હેલ્પલાઈન વિશે પણ સમજ આપી હતી.

કરાટે એકેડમનાં વડા શિહાન શ્રી અરવિંદભાઈ રાણાએ સ્વબચાવની કળાના મહત્વ ઉપર પ્રકાશ પાડ્યો હતો. આચાર્યા શ્રીમતી પન્નાબહેન દવેએ વિદ્યાર્થીનીઓને સશક્ત બનવા અનુરોધ કરી આ કાર્યક્રમનું આયોજન કરવા બદલ પોલીસ તંત્રનો આભાર માન્યો હતો.


# સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ દ્વારા સુરક્ષા સેતુ પ્રોજક્ટ અંતર્ગત સાયલાની ૭૫૬ વિદ્યાર્થીનીઓને સ્વબચાવનું પ્રશિક્ષણ અપાયું

સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ દ્વારા સુરક્ષા સેતુ પ્રોજકટ અંતર્ગત સુરેન્દ્રનગર શહેર સહિત સમગ્ર જિલ્લામાં મહિલા સ્વબચાવનાં ક્ષેત્રમાં ખૂબ સારી કામગીરી કરવામાં આવી રહી છે.

આ અભિયાન અંતર્ગત સાયલા ખાતે પૂજ્ય એલ. એમ. વોરા ગર્લ્સ હાઈસ્કુલની ૪૧૨, પે સેન્ટર શાળા નં. ૫ અને ૨ ની મળીને ૨૨૬ વિદ્યાર્થીનીઓ માટે ૧૧ દિવસીય મહિલા સ્વબચાવ પ્રશિક્ષણ શિબિર યોજાઈ ગઈ. વાડોકાઈ કરાટેનાં સિનીયર કોચ સેનસાઈ શ્રી રાજેષભાઈ બુંદેલા તથા તેમની બ્લેક બેલ્ટ નિષ્ણાત પ્રશિક્ષકોની સમગ્ર ટીમ દ્વારા આ વિદ્યાર્થીનીઓને પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીનીઓને કરાટેની વિવિધ પ્રહાર કરવાની ટેક્નિક્સ, બચાવ તથા વળતો પ્રહાર કરવાની રીત, જુદા જુદા હથિયારો સાથે કોઈ પ્રહાર કરવા આવે તો બચાવ કરવાની રીત વગેરે ઉપરાંત વિવિધ કીક્સ, થ્રો કરવાની ટેક્નિક્સનું પણ ક્રિયાત્મક પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું.



આ શિબિરોનો સમાપન સમારોહ પૂજ્ય એલ. એમ. વોરા ગર્લ્સ હાઈસ્કુલનાં પટાંગણમાં યોજવામાં આવ્યો હતો. જેમાં મુખ્ય અતિથિ તરીકે વાડોકાઈ કરાટે-ડો અકેડમીનાં ટેક્નિકલ ડાયરેક્ટર શિહાન શ્રી અરવિંદભાઈ રાણા ગાંધીનગરથી ખાસ ઉપસ્થિત રહ્યાં હતા. તેમણે વિદ્યાર્થીનીઓને પ્રેરણાદાયી વ્યાખ્યાન આપી કરાટેનો નિયમિત અભ્યાસ કરતા રહેવાનો સંકલ્પ લેવડાવ્યો હતો.

# જિલ્લા પોલીસ દ્વારા વાડોકાઈ કરાટે-ડો અકેડમીનાં સહયોગથી સુરેન્દ્રનગર ખાતે ૪૨૪ વિદ્યાર્થીનીઓને સ્વબચાવનું પ્રશિક્ષણ અપાયું

સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ દ્વારા વાડોકાઈ કરાટે-ડો અકેડમીનાં સહયોગથી સુરન્દ્રનગરમાં ૧૧ દિવસીય મહિલા સ્વબચાવ પ્રશિક્ષણ શિબિરો યોજાઈ ગઈ.







વિકાસ ગર્લ્સ હાઈસ્કુલ ખાતે યોજાયેલ શિબિરમાં ૨૦૦ વિદ્યાર્થીનીઓને પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું જ્યારે શ્રી એચ. એલ. ગોલાણી માધ્યમિક વિદ્યાલય ખાતે યોજાયેલ શિબિરમાં ૨૨૪ વિદ્યાર્થીનીઓને સ્વબચાવની કળાનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું.

સમાપન પ્રસંગે સુરેન્દ્રનગર શહેરનાં નાયબ પોલીસ અધિક્ષકશ્રી અમીતાબહેન વાનાણી ખાસ ઉપસ્થિત રહ્યાં હતા. આ ઉપરાંત આચાર્યા શ્રીમતી હર્ષદબા જાડેજા તથા વાડોકાઈ કરાટે-ડો અકેડમીનાં સુરેન્દ્રનગર જિલ્લાનાં નિયામક સેનસાઈ શ્રી ચક્રબહાદુર દમાઈ ઉપસ્થિત રહ્યાં હતા.

નાયબ પોલીસ અધિક્ષકશ્રી અમીતાબહેને વિદ્યાર્થીનીઓને સુરક્ષા સેતુ પ્રોજેક્ટ વિશે તથા સ્વબચાવની ઉપયોગીતા વિશે માહિતગાર કર્યા હતા.

# સુરેન્દ્રનગર ખાતે યોજાયેલ ડિસ્ટ્રીક્ટ ઈન્ટરસ્કુલ કરાટે ચેમ્પિયનશીપમાં દયામયી માતા સ્કુલ ચેમ્પિયન બની

સુરેન્દ્રનગર ખાતે ઓલ ઈન્ડિયા વાડોકાઈ કરાટે-ડો એસોસીઅશનની ગુજરાત બ્રાન્ચ દ્વારા જિલ્લા કક્ષાની આંતરશાળાકીય કરાટે સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં સુરેન્દ્રનગર જિલ્લાની ૧૪ શાળાઓનાં ૧૬૦ જેટલા ચુનંદા કરાટેવીરોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

ખેલાડીઓની ઉંમર, વજન અને બેલ્ટને ધ્યાનમાં રાખીને વિવિધ કેટેગરીમાં આ સ્પર્ધા રમાડવામાં આવી હતી. જેમાં ૯ ગોલ્ડ તથા ૭ સિલ્વર મેડલ્સ મેળવીને દયામયી માતા સ્કુલ પ્રથમ સ્થાને રહી હતી. ૫ ગોલ્ડ તથા ૭ સિલ્વર મેડલ્સ સાથે સન્નીસ્કાય ઈંગ્લિશ હાઈસ્કુલ દ્વિતીય સ્થાને રહી હતી.

સ્પર્ધાના સમાપન પ્રસંગે ટેક્નિકલ ડાયરેક્ટર શિહાન શ્રી અરવિંદભાઈ રાણા ગાંધીનગરથી ખાસ ઉપસ્થિત રહ્યાં હતા. સમાપન સમારોહમાં અતિથિ વિશેષ તરીકે સુરેન્દ્રનગર દૂધરેજ નગરપાલીકાનાં પ્રમુખ શ્રી વિપીનભાઈ ટોળીયા, ચીફ ઓફીસર શ્રી કેતનભાઈ વાનાણી, સી.યુ.શાહ ઈંગ્લિશ સ્કુલનાં પૂર્વ આચાર્ય તથા વાડોકાઈ કરાટેની પ્રવૃત્તિને સુરેન્દ્રનગરમાં ફેલાવવામાં જેમણે મહત્વનું યોગદાન આપ્યું છે તેવા શ્રી એચ. કે. દવે, આર્યસમાજ મંદિરનાં પ્રમુખ શ્રી આચાર્ય આર્યબંધુજી અને એસ. સી. યુ. શાહ વિકાસ ગર્લ્સ હાઈસ્કૂલનાં આચાર્યા શ્રીમતી હર્ષદબા જાડેજાએ ખાસ ઉપસ્થિત રહી વિજેતા ખેલાડીઓને મેડલ્સ એનાયત કરી પ્રોત્સાહિત કર્યા હતા.








સુરેન્દ્રનગર જિલ્લાનાં નિયામક સેનસાઈ શ્રી ચક્રબહાદુર દમાઈનાં માર્ગદર્શનમાં સ્થાનિક કોચ તપન દવે, મહેશ દમાઈ, અર્પિત ચૌહાણ, કુ. ઝીલ ખંધાર, પ્રદિપ રાણા વગેરેએ ઉપરાંત ગાંધીનગરથી આવેલા શ્રી સુરજ ત્રિપાઠીએ સ્પર્ધાના સંચાલનમાં સહયોગ પ્રદાન કરી પ્રસંશનીય કામગીરી કરી સ્પર્ધાને સફળ બનાવી હતી.

## સરકારી..

(પાન - ૩નું શેષ)

ઉપાધ્યાયે આ કાર્યક્રમનાં ભરપુર વખાણ કરી કહ્યું હતું કે દરરોજ વિદ્યાર્થીનીઓ દ્વારા જે ઉત્સાહથી પ્રશિક્ષણ લીધું છે તે મેં જાતે જોયું છે. આ જ્ઞાન ખૂબ મહત્વનું હોવાનું જણાવી તેમણે પોલીટેકનીકની તમામ વિદ્યાર્થીનીઓ માટે આ પ્રકારનો કેમ્પ યોજવા અનુરોધ કર્યો હતો.

કાર્યક્રમનાં પ્રારંભમાં જ શિબિરાર્થી વિદ્યાર્થીનીઓ દ્વારા રોમાંચક નિદર્શન કર્યું હતું. વિદ્યાર્થીનીઓ દ્વારા નળીયાનું બ્રેકીંગ કરી તેમણે શિબિર દરમ્યાન પ્રાપ્ત કરેલ શક્તિ તથા આત્મવિશ્વાસનો અદ્ભૂત પરિચય આપ્યો હતો.

કાર્યક્રમનાં અંતે આભારવિધિ શ્રીમતી આર. પી. મરચન્ટ દ્વારા કરવામાં આવી હતી. આ કેમ્પનાં સંયોજિકા શ્રીમતી આશાબહેન સરવૈયાએ પણ અંતમાં સૌનો આભાર માન્યો હતો.

# આણંદ જિલ્લા પોલીસ દ્વારા શ્રી એમ. કે. સોલંકી પ્રાથમિક કન્યા શાળા મોગર ખાતે સ્વબચાવ પ્રશિક્ષણ શિબિર સંપન્ન

સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત વાસદ પોલીસ તથા વાડોકાઇ કરાટે-ડો એકેડમી ગુજરાતની આણંદ શાખા દ્વારા શ્રી એમ.કે.સોલંકી પ્રાથમિક કન્યાશાળા, મોગર ખાતે વિદ્યાર્થીની બહેનો માટે નિઃશુલ્ક સ્વબચાવ પ્રશિક્ષણ શિબિરનો સમાપન સમારોહ યોજાઇ ગયો.





આ શિબિરમાં ૧૯૮ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. સેનસાઇ શ્રી મેહુલ ઠક્કર તથા સેમ્પાઇ શ્રી રજનીકાંત ચૌહાણ દ્વારા વિદ્યાર્થીનીઓને ટ્રેનીંગ આપવામાં આવી હતી.

શિબિરના સમાપન સમારોહમાં આણંદ જીલ્લા પંચાયતના પ્રમુખ શ્રી જશવંતસિંહ સોલંકી, વાડોકાઇ કરાટે-ડો અકેડમીના આણંદનાં ડિસ્ટ્રીકટ ડાયરેકટર સેનસાઇ શ્રી જિજ્ઞેશભાઇ ઠક્કર, મોગર ગ્રામ પંચાયતના સરપંચ શ્રી કુસુમબા મહિડા, વાસદ પોલીસ કોન્સ્ટેબલ શ્રી કુલદીપસિંહ, પે સેન્ટરના આચાર્ય શ્રી રાજેશભાઇ વાઘેલા, શાળાના આચાર્ય શ્રી ચંદ્રિકાબેન ભારદિયા તથા એસ. એમ. સી.ના સભ્યો ઉપસ્થિત ઉપસ્થિત રહ્યાં હતા.

શ્રી જશવંતસિંહ સોલંકીએ સર્વાંગી વિકાસ માટે વિવિધ પ્રવૃત્તિઓ સંગીત, નૃત્ય, ચિત્ર, રમત દ્વારા શક્ય છે. કરાટેની સાથે બ્રુસ લીનું નામ જોડાયેલ છે. તેણે તેના હાથને ખૂબ જ મજબૂત બનાવ્યા હતા. તેના હાથ દુશમનો પર છરીની જેમ કાર્ય કરતાં હતા.

શ્રી જિજ્ઞેશભાઇ ઠક્કરે વિદ્યાર્થિનીઓને કરાટેની નિયમિત પ્રેકટીશ કરવા અનુરોધ કર્યો હતો.

સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી ક્રિશ્નાબેન શુકલ દ્વારા કરવામાં આવ્યું હતું. આભારવિધિ શ્રી રાજેશભાઇ વાઘેલા દ્વારા સંપન્ન કરવામાં આવી હતી.

# આણંદ જિલ્લા સુરક્ષા સેતુ સોસાયટી દ્વારા સરદાર પટેલ વિનય મંદિર, બોરસદ ખાતે સ્વબચાવ પ્રશિક્ષણ શિબિર સંપન્ન

આણંદ જીલ્લા પોલીસ દ્વારા સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત બોરસદ પોલીસ તથા વાડોકાઇ કરાટે-ડો અકેડમી ગુજરાતની આણંદ શાખા દ્વારા બોરસદ સ્થિત સરદાર પટેલ વિનય મંદિર બોરસદખાતે વિદ્યાર્થીની બહેનો માટે નિઃશુલ્ક સ્વબચાવ પ્રશિક્ષણ શિબિર યોજાઇ ગઇ. આ શિબિરમાં ૧૬૫ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. શિબિર દરમ્યાન સેનસાઇ શ્રી પૃથ્વી મિસ્ત્રી, સેનસાઇ શ્રી મેહુલ ઠક્કર તથા સેમ્પાઇ શ્રી સુરેખા મુનીયાએ વિદ્યાર્થીની બહેનોને સ્વબચાવ પ્રશિક્ષણ આપ્યું હતું.

પેટલાદ ડિવીઝનના ડીવાયએસપી શ્રી પી. આર. ગેલોટ, બોરસદ પીઆઇ શ્રી ડાભી, વાડોકાઇ કરાટે-ડો અકેડમીના આણંદનાં ડિસ્ટ્રીકટ ડાયરેકટર સેનસાઇ શ્રી જિજ્ઞેશભાઇ ઠક્કર, શાળાના ટ્રસ્ટી શ્રી પ્રજાપતિ તથા શાળાના આચાર્ય શ્રી દક્ષેશભાઇ ઉપસ્થિત રહયાં હતા. શિબિર દરમ્યાન તાલીમ મેળવેલ વિદ્યાર્થીનીઓ દ્વારા કરાટેનું અદ્ભૂત નિદર્શન બતાવવામાં આવ્યું હતું.



આ પ્રસંગે શ્રી ગેલોટે જણાવ્યું હતુ કે અમે આપ સૌને સશક્ત બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. આનાથી તમારામાં આત્મ વિશ્વાસ વધે છે અને તમે તમારો સ્વબચાવ કરવા સક્ષમ બનો છો. શ્રી જિજ્ઞેશભાઈ તથા તેમના કોચ સખત મહેનત કરી રહ્યા છે. તેમણે આપેલ ટ્રેનિંગ જોઈને ખૂબ આનંદ અને સંતોષ થયો છે.

પ્રાસંગિક ઉદ્બોધન આપતા શ્રી જીજ્ઞેશભાઇએ વિદ્યાર્થીનીઓએ શિબિરમાં શિખેલી કરાટેની કળાનો નિયમિત અભ્યાસ કરવા તથા સદ્ઉપયોગ કરવા પ્રેરણા આપી હતી. તેમણે સ્વબચાવની કળાનું આપણા જીવનમાં શું મહત્વ છે તે વિશે પણ વિસ્તૃત જાણકારી આપી હતી.

પીઆઇ શ્રી ડાભીએ વિદ્યાર્થીનીઓને સુરક્ષા સેતુ સોસાયટીની વિવિધ પ્રવૃત્તિઓની માહિતી આપી હતી.

સમાપન સમારોહના અંતે શાળા પરિવાર તરફથી કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોનો આભાર માન્યો હતો.

### જિલ્લા પોલીસ..
(પાન - ૮નું શેષ)

કરવા અનુરોધ કર્યો હતો. શ્રી એન. સી. પટેલે જણાવ્યું હતું કે વિદ્યાર્થીનીઓના નિદર્શનમાં તેમનામાં વધલો આત્મવિશ્વાસ સ્પષ્ટપણે દેખાઈ આવતો હતો. અમારી સંસ્થાની વિદ્યાર્થીનીઓ આવી વિવિધ પ્રવૃતિઓ સાથે સંકળાયેલી હોવા છતાં તેમણે પોતાના અભ્યાસના વ્યસ્ત કાર્યક્રમમાંથી સમય કાઢીને ટ્રેનિંગ લીધી તે બદલ તેમને અભિનંદન આપ્યા હતા.

# જિલ્લા પોલીસ દ્વારા સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત આણંદ એગ્રીકલ્ચર યુનિવર્સિટી ખાતે સ્વબચાવની તાલીમ યોજાઇ





સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત આણંદ જિલ્લા પોલીસ દ્વારા વાડોકાઇ કરાટે-ડો અકેડમીનાં સહયોગથી આણંદ એગ્રીકલ્ચર યુનિવર્સિટી ખાતે વિવિધ કોલૅજની વિદ્યાર્થીની બહેનો માટે સ્વબચાવ પ્રશિક્ષણ શિબિર યોજાઈ ગઈ. જેમાં ૩૪૭ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો.

શિબિરના સમાપન સમારોહમાં આણંદના પોલીસ અધિક્ષક શ્રી અશોકકુમાર યાદવ, એગ્રીકલ્ચર યુનિવર્સિટીના ડાયરેક્ટર શ્રી એન. સી. પટેલ, વાડોકાઇ કરાટે-ડો અકેડમીના આણંદના ડિસ્ટ્રીકટ ડાયરેકટર સેનસાઇ શ્રી જિજ્ઞેશ ઠક્કર, વિવિધ કોલૅજોના પદાધિકારીશ્રીઓ, કરાટે કોચ સેનસાઇ શ્રી ચેતન ફુમકીયા, શ્રી મેહુલ ઠક્કર તથા કૃણાલ ઠક્કર ઉપસ્થિત રહ્યાં હતા.

કાર્યક્રમના પ્રારંભમાં ૧૦ દિવસીય સ્વબચાવ પ્રશિક્ષણ શિબિરમાં ભાગ લીધેલ કેટલીક બહેનોએ કરાટેની તથા સ્વબચાવની વિવિધ ટેક્નિક્સનું નિદર્શન કર્યું હતું.

પ્રાસંગિક ઉદ્બોધન આપતાં શ્રી અશોકકુમાર યાદવે જણાવ્યું હતું કે આ પ્રવૃત્તિથી તમારા રહેલ આત્મવિશ્વાસ વધારવાનો પ્રયાસ છે. તેમણે મોબાઈલનો યોગ્ય ઉપયોગ કરવા જણાવ્યું હતું. આ ઉપરાંત તેમણે આણંદ મહિલા સુરક્ષા એપ્સ ડાઉનલોડ કરી તેનો ઉપયોગ કરવા જણાવ્યું હતું. સેનસાઈ શ્રી જિજ્ઞેશ ઠક્કરે બહેનોને કરાટેની કળાનો નિયમિત અભ્યાસ કરવા તથા તેનો સાચો અને યોગ્ય ઉપયોગ

**(અનુ. પાન - ૭ ઉપર)**

## પંચમહાલ જિલ્લા પોલીસ દ્વારા સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત

# ગોધરા ખાતે આવેલ સરકારી નર્સીંગ સ્કુલની વિદ્યાર્થીનીઓને સ્વબચાવનું પ્રશિક્ષણ અપાયું

પંચમહાલ જિલ્લા પોલીસ દ્વારા સુરક્ષા સેતુ પ્રોજક્ટ અંતર્ગત મહિલા સ્વબાચાવ પ્રશિક્ષણનાં ક્ષેત્રમાં પુરજોશમાં કાર્યવાહી કરવામાં આવી રહી છે. તાજેતરમાં જ ૧૧ દિવસીય પ્રશિક્ષણ શિબિરનું આયોજન સારકારી નાર્સીંગ સ્કુલ શ્રી જી.એન.એમ. તાલીમ શાળા ખાતે કરવામાં આવ્યું હતું.

વાડોકાઈ કરાટે-ડો અકેડમી, ગુજરાતનાં નિષ્ણાત પ્રશિક્ષકો દ્વારા આ શિબિરનું સંચાલન કરવામાં આવ્યું હતું. શિબિરના ઉદ્ઘાટન પ્રસંગે વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહિત કરવા જિલ્લા આરોગ્ય અધિકારી અને સિવીલ સર્જન ડૉ. મહેશભાઈ પી. સાગર, કરાટે અકેડમીનાં વડા શિહાન શ્રી અરવિંદભાઈ રાણા તથા નાર્સીંગ સ્કુલનાં આચાર્યા શ્રીમતી સ્મીતાબહેન એસ. પાંધી ખાસ ઉપસ્થિત રહ્યાં હતા.

સમાપન પ્રસંગે નાયબ જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી વી. કે. નાયી, કરાટે અકેડમીનાં ટેક્નિકલ ડાયરેક્ટર શિહાન શ્રી અરવિંદભાઈ રાણા તથા નર્સીંગ સ્કુલનાં આચાર્યા શ્રીમતી સ્મીતાબહેન પાંધી ઉપસ્થિત રહ્યાં હતા.

આ શિબિરનાં સમાપન સમારોહ પ્રસંગે સ્થાનિક કોચ સેનાસાઈ શ્રી ગૌતમભાઈ પરમાર તથા તેમની ટીમ દ્વારા પ્રશિક્ષિત થયેલ ૬૬ નર્સીંગની વિદ્યાર્થીનીઓએ વિવિધ ટેક્નિક્સનું નિદર્શન કર્યું હતું. તેમણે નળીયાનું રોમાંચક બ્રેકીંગ કરી સૌને આશ્ચર્યચક્તિ કરી દીધા હતા.




પોતાના પ્રાસંગિક ઉદ્બોધનમાં ડીવાયએસપી શ્રી વી. કે. નાયીએ જણાવ્યું હતું કે આ પ્રકારની શિબિરોમાં ભાગ લેવાથી બહેનોમાં આત્મવિશ્વાસ વધે છે. આપત્તિ સમયે પોતાનું રક્ષણ કરી શકાય છે. તેમણે પોલીસ તંત્ર દ્વારા સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત મહિલા સશક્તિકરણ ઉપરાંત સમાજોપયોગી અન્ય કાર્યો વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

કરાટે અકેડમીનાં વડા શિહાન શ્રી અરવિંદભાઈ રાણાએ વિદ્યાર્થીનીઓને નિયમિતરૂપે આ શીખેલી ટેક્નિક્સનો અભ્યાસ કરતા રહેવા પ્રેરણા આપી સંકલ્પ લેવડાવ્યો હતો. જ્યારે આચાર્યા શ્રીમતી સ્મીતાબહેન પાંધીએ તેમની સંસ્થામાં આ પ્રકારની શિબિરનું આયોજન કરવા બદલ પોલીસ તંત્રનો તથા વાડોકાઈ કરાટે-ડો અકેડમીનો આભાર માન્યો હતો.